ગાંધીનગર સમાચાર

# સે-૧૭ એક્ઝિબીશન સેન્ટરને અનુલક્ષી હાથ ધરાયેલા માર્ગના પેવર કામોમાં ગુણવત્તાનો અભાવ

# વાઈબ્રન્ટ દરમિયાન શહેરની હિલચાલ પર 'નેત્ર'ની બાજ નજર

## આકાશમાંથી શહેરની ગતિવિધીઓ પર નજર રાખવા બે 'નેત્ર'નો ઉપયોગ કરાશે : એક નેત્ર મહાત્મા મંદિર અને શહેરના ટ્રાફીકના સર્વેલન્સ માટે અને બીજુ પ્રધાનમંત્રીના રૂટ પર સુરક્ષા માટે ઉડાડવામાં આવશે



ગાંધીનગર, તા. ૨૫

વાઈબ્રન્ટ સમિટમાં ગાંધીનગર આવનાર વીવીઆઈપી મહેમાનો તથા દેશના વડાપ્રધાનની સુરક્ષા માટે પોલીસ બંદોબસ્ત પ્લાન તૈયાર કરી ચુકી છે. સુરક્ષાની દૃષ્ટિએ એક પણ ગાબડું ન રહી જાય તેવી ચોકસાઈ રાખવામાં આવી છે ત્યારે આકાશમાંથી પણ નેત્ર (ડ્રોન) મારફતે પળેપળની ગતિવિધિઓ પર બાજ નજર રખાશે અને કેમેરામાં તમામ હિલચાલ કેદ કરી શહેરની ટ્રાફીકનું સર્વેલન્સ પણ કરવામાં આવશે.

નેત્ર (ડ્રોન)ને આકાશમાં ઉડાવીને તેના હાઈડેફીનેશન કેમેરા મારફતે સમગ્ર વિસ્તાર પર નજર

● અનુસંધાન પાન-૭ પર

# વાયબ્રન્ટ પૂર્વે શહેરમાંથી ૧૩૭ સૂકા થયેલા વૃક્ષો હટાવાશે

## સે-૨, ૭, ૧૧, અને ૧૭માં આ વૃક્ષો છે : એક વૃક્ષ હટાવવામાં ૧ કલાકથી ૩ કલાકનો સમય જાય છે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાં વાયબ્રન્ટ સમીટ ૨૦૧૭ના પહેલા ૧૩૭ જેટલા સુકા અને જર્જરીત બનેલા વૃક્ષોને દૂર કરી દેવામાં આવશે.

હરિયાળા ગાંધીનગરમાં ૧૩૭ જેટલા વૃક્ષો સુકા અને જર્જરીત બની ગયા છે તેવા વન વિભાગ દ્વારા ઓળખી કાઢવામાં આવ્યા છે. આ વૃક્ષો ક્યાંક કચેરીઓની શોભા બગાડી રહ્યા છે તો ક્યાંક તે પડી જાય તેવી સ્થિતિમાં પણ ઉભા છે. આવા બધા જ વૃક્ષોને ઓળખી કાઢી તેમને અલગથી માર્ક કરી જુદા પણ તારવવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે સે-૨, ૭, ૧૧ અને સે-૧૭માં આ વૃક્ષો આવેલા છે. આ પૈકીના ૨૮ જેટલા વૃક્ષોને કાપી તેમને હટાવી પણ દેવામાં આવ્યા છે. તેમજ બાકીનાને

● અનુસંધાન પાન-૭ પર





નાતાલની પ્રાર્થના - પ્રભુ ઈસુ ખ્રિસ્તના સંદેશ મુજબ 'તું તારા પરમેશ્વર પ્રભુ પર પુરા મનથી પ્રેમ રાખજે અને માનવબંધુ પર તારી જાત જેટલા પ્રેમ રાખજે....' આ સંદેશ સાથે ઉજવાતા નાતાલ પર્વની પ્રાર્થના માટે સેક્ટર-૮ના ચર્ચમાં ઉપસ્થિત ખ્રિસ્તી પરિવારોએ ભ્રાતૃભાવ વ્યક્ત કર્યો હતો...

# જિલ્લામાં ગ્રામ પંચાયતની ચૂંટણીના પ્રચાર પડઘમ શાંત

## હવે ગૃપ બેઠકો અને મિત્ર મંડળની રાજનીતિ શરૂ છેલ્લી ઘડીના સંપર્ક અભિયાનમાં વ્યસ્ત બનેલા ઉમેદવારો

ગાંધીનગર, તા. ૨૫

જિલ્લામાં મંગળવારે યોજાનાર ૧૭૫ પંચાયતની ચૂંટણીના જાહેર પ્રચાર પડઘમ આજ સાંજથી બંધ થયા છે. ઉમદવારોએ હવે ગૃપ બેઠકો યોજી અને છેલ્લી પળોનું મિત્ર મંડળની રાજનીતિનું અભિયાન હાથ ધર્યું છે.

જિલ્લામાં ૧૭૫ પંચાયતોની ચૂંટણી માટે ૧૦ દિવસના પ્રચાર અભિયાનનો આજે સાંજે અંત આવ્યો છે. જો કે મંગળવારે આ ચૂંટણી માટેનું મતદાન હોઈ મતદારોને રિઝવવા માટે હવે ગૃપ બેઠકો અને મિત્ર મંડળની રાજનીતિનું અભિયાન શરૂ થઈ ચુકયું છે.

પ્રચાર અભિયાનમાં મતદારોને આકર્ષવા માટે બેનર, હોર્ડિંગ્સ ઉપરાંત રિક્ષાઓમાં ફિલ્મી ગીતોની પેરોડી સાથેનું જાહેર અભિયાન ઉપરાંત મહોલ્લા બેઠકો, ખાટલા પરિષદો યોજાતી રહી હતી.

પંચાયતોની ચૂંટણીમાં સીમીત વિસ્તારો હોવા છતાં ઉમેદવારોએ ડોર ટુ ડોર સંપર્ક અભિયાનના બે થી ૩ રાઉન્ડ પૂર્ણ કર્યા હતા.

પંચાયતોની ચૂંટણીને લઈ ઉત્તેજનાનો માહોલ પણ ચરમસીમાએ પહોંચ્યો છે. આ ચૂંટણીમાં નાસ્તાની પણ જયાફતો જોરશોરથી ચાલતી જોવા મળી હતી. જેમાં ચવાણુ, કચરિયા, ગોટા, દાળવડા, સમોસા ઉપરાંત કયાંક સિંગ ચણા તો કયાંક મગજ-મોહનથાળ પણ છુટથી વહેંચાતો જોવા મળ્યો હતો.

બીજી તરફ તંત્ર એ પણ મતદાનને લઈ તેની તૈયારીઓ સંપન્ન કરી લીધી છે. કાલે બપોરે ૧૨ વાગ્યા પછી પોલીંગ પાર્ટીઓને મતદાન મથક માટે રવાના કરવામાં આવશે. આ ચૂંટણી માટે પોલીસ બંદોબસ્તને પણ આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. તંત્રએ ૭૫થી વધુ વાહનો સંપાદિત કરેલ છે.

તંત્ર દ્વારા મતદાન મથકોની ચકાસણી પણ કરી લેવામાં આવી છે. આ ઉપરાંત પોલિંગ પાર્ટી માટેની કીટ પણ તૈયાર કરી દેવામાં આવી છે.

મતદાન દિવસ માટે ખાસ કંટ્રોલ રૂમ તંત્ર દ્વારા ઉભો કરવામાં આવનાર છે તેમજ પોલીસ દ્વારા પણ ખાસ પેટ્રોલિંગ અને કંટ્રોલરૂમ ઉભો કરવામાં આવેલ છે.

# ઑન ધ સ્પોટ આલ્કોહોલ ટેસ્ટ...!

## થર્ટી ફર્સ્ટ નાઈટે દારૂડીયા પકડવા બ્રેથ એનેલાઈઝર વપરાશે : શહેરના પ્રવેશદ્વારો પર અને ડીજે નાઈટ પ્લેસનાં એન્ટ્રી પોઈન્ટ પર મશીન લઈને પોલીસ ઉભી રહેશે





ગાંધીનગર, તા. ૨૫

થર્ટી ફર્સ્ટ ડીસેમ્બરની નાઈટમાં દારૂની રેલમછેલ થતી હોય છે ત્યારે આ વર્ષે દારૂથી ન્યુ યર સેલીબ્રેશન ન થાય તે માટેની ખાસ તકેદારી ગાંધીનગર પોલીસે રાખી છે.

દારૂના નશામાં ડીજે નાઈટ પ્લેસ પર યુવતીઓની છેડછાડ થતી અટકાવવા આ તમામ ડીજે નાઈટ પાર્ટી પ્લેસ પર પણ પોલીસ ખાસ વોચ રાખશે. દારૂડીયાઓને પકડવા માટે પાર્ટી પ્લેસના એન્ટ્રી પોઈન્ટ પર 'ઓન ધ સ્પોટ આલ્કોહોલ ટેસ્ટ' કરવા બ્રેથ એનેલાઈઝર હેન્ડી મશીન સાથે પોલીસ તૈનાત રહેશે. તે ઉપરાંત થર્ટી ફર્સ્ટ નાઈટમાં શહેરના પ્રવેશદ્વારો પર પણ વાહનચાલકોને રોકીને શકમંદ યુવાનોનું બ્રેથ એનેલાઈઝરથી ટેસ્ટ કરી દારૂડિયાઓને જેલ ભેગા કરવામાં આવશે.

# સે-૧૭ એક્ઝિબીશન સેન્ટરને અનુલક્ષી હાથ ધરાયેલા માર્ગના પેવરકામોમાં ગુણવત્તાનો અભાવ

ગાંધીનગર તા ૨૨

સે-૧૭ એકઝિબીશન સેન્ટરને અનુલક્ષી હાથ ધરાયેલી માર્ગ નવિનીકરણની કામગીરમા ગુણવત્તા ન જળવાઈ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. એક્ઝિબીશન સેન્ટરને અનુલક્ષી લાયબ્રેરી નજીક પ્રર્દશન ગેલેરીને જોડતા મુખ્યમાર્ગનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. પરંતુ માર્ગના પેવરકામમાં ગુણવત્તા સામે પ્રશ્નાર્થ મંડરાયો છે. અગાઉ ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પ્રદર્શનના આંતરિક રોડ નેટવર્કને અનુલક્ષી કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ગુણવત્તા વગરની કામગીરના લીધે માર્ગોનુ ટુંકમાં જ ધોવાણ થયુ હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ હતુ.

શહેરમાં હાલ માર્ગ નવિનીકરણ અને બ્યુટિફિકેશનની કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરમાં વિવિધ માર્ગો તેમજ વોક વે નુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે સે-૧૭ સ્થિત એક્ઝિબીશન સેન્ટરમાં પણ દેશ વિદેશની વિવિધ કંપનીઓ ભાગ લેશે. વી આઈ પી મહાનુભાવો ઉપરાંત મોટી સંખ્યામાં મુલાકાતીઓ પ્રદર્શન નિહાળવા આવશે. મહાનુભાવોની અવરજવરને ધ્યાને લઈ તંત્ર દ્વારા એકઝિબીશન સેન્ટરને અપગ્રેડ કરવા માટે પણ કામ શરૂ કરી દેવાયુ છે. જયારે એકઝિબીશન સેન્ટરના આંતરિક માર્ગોનુ પણ કામ હાથ ધરાયુ છે.

આ ઉપરાંત સેન્ટર બહાર લાયબ્રેરીથી ચ માર્ગને જોડતા માર્ગનુ પણ નવિનીકરણ કરવામાં આવ્યુ છે. પરંતુ આ કામગીરીમાં ગુણવત્તા ન જળવાઈ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. પાટનગર યોજના ભવનના વિભાગ -૧ દ્વારા માર્ગનુ પેવરકામ કરવામાં આવ્યુ છે. અગાઉ ગત વાઈબ્રન્ટ સમિટ વેળાએ પ્રદર્શન સેન્ટરના આંતરિક માર્ગના કામ પાછળ પણ અંદાજિત રૂ ૭ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. પરંતુ કામગીરીમાં ગુણવત્તા ન જળવાતા ટુંકા સમયમાં જ રસ્તા પર ડામરની કાંકરીઓ ઉડવાની સાથે માર્ગનુ ધોવાણ થયુ હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. જયારે હાલ પ્રદર્શનમાં આવતા મહાનુભાવોને ધ્યાને લઈ એક્ઝિબીશન સેન્ટર બહારના માર્ગનુ નવિનીકરણ કામ હાથ ધરાયુ છે. જો કે માર્ગ નવિનીકરણની કામગીરી તદન નબળી હોવાનો ગણગણાટ પ્રવર્તયો છે. માર્ગના પેવર બ્લોકમાં ગુણવત્તા ન જળવાઈ હોવાનો રોષ પ્રબળ બન્યો છે. વાઈબ્રન્ટ સમિટમાં તાત્કાલિક માર્ગ સુધારણા અને બ્યુટીફિકેશનના કામો હાથ ધરવામાં આવે છે ત્યારે કામની ગુણવત્તા અને પુર્ણતા જળવાઈ તેવો પણ સુર ઉઠવા પામ્યો છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com